# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે 'મેરા બૂથ સબસે મઝબૂત' કાર્યક્રમ હેઠળ ભાજપ-NDAના કાર્યકરો સાથે વર્ચ્યુઅલી સંવાદ કરશે**
2. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું , વિકસિત ભારતના સંકલ્પને પ્રાપ્ત કરવા સમાજના દરેક વર્ગ માટે સમાન તક જરૂરી છે**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના સાણંદમાં 805 કરોડ રૂપિયાના ખર્ચે શાંતિપુરા–ખોરજ G.I.D.C. માર્ગના છ માર્ગીયકરણનું ખાતમુહૂર્ત કર્યું**
4. **બિહાર વિધાનસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે ઉમેદવારીપત્રો પરત ખેંચવાનો આજે છેલ્લો દિવસ- તેજસ્વી યાદવ મહાગઠબંધનના મુખ્યમંત્રી પદના ઉમેદવાર**
5. **એક દિવસીય ક્રિકેટ શ્રેણીમાં ભારતે ઓસ્ટ્રેલિયાને જીતવા 265 રનનો લક્ષ્યાંક આપ્યો**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM BOOTH CAMPAIGN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે 6 વાગ્યે 'મેરા બૂથ સબસે મઝબૂત ' કાર્યક્રમ હેઠળ ભાજપ- NDAના કાર્યકરો સાથે વર્ચ્યુઅલી સંવાદ કરશે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ ભાર મૂક્યો કે બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપ- NDAના વિજયને સુનિશ્ચિત કરવા માટે ભાજપ- NDAના કાર્યકરો અભૂતપૂર્વ ઊર્જા અને સમર્પણ સાથે મેદાનમાં અડગ છે. તેમણે કહ્યું , જાહેર સંપર્ક અને સંવાદથી લઈને સંગઠનના દરેક સ્તરે તેમની ભાગીદારી NDAની સૌથી મોટી તાકાત છે.

# PREZ-KERALA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભાર મૂક્યો છે કે વિકસિત ભારતના વિઝનને પ્રાપ્ત કરવા માટે સમાજના દરેક વર્ગ માટે , ખાસ કરીને સૌથી નબળા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગ માટે સમાન તકો જરૂરી છે. સુશ્રી મુર્મુએ કેરળના રાજભવન ખાતે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કેઆર નારાયણનની પ્રતિમાના અનાવરણ પછી સભાને સંબોધતા આ મુજબ જણાવ્યું.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કે.આર. નારાયણને આપેલા યોગદાન પર પ્રકાશ પાડતા સુશ્રી મુર્મુએ કહ્યું , તેમણે પ્રામાણિકતા , કરુણા અને ઉચ્ચ લોકશાહીની ભાવનાનો વારસો આપ્યો છે. તેમણે કહ્યું કે , શ્રી નારાયણને રાષ્ટ્ર નિર્માણ અને વધુ સમાવેશી દેશને આકાર આપવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. તેમણે ઉમેર્યું , કે.આર. નારાયણન દ્રઢપણે માનતા હતા કે શિક્ષણ એ સભ્યતાનો પાયો છે અને તે કોઈપણ સમાજના વિકાસ માટે જરૂરી છે.

# PM - ASEAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે તેઓ આસિયાન શિખર સંમેલનમાં વર્ચ્યુઅલી હાજરી આપશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે તેમણે મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ સાથે વાત કરી અને મલેશિયા દ્વારા આસિયાનનું અધ્યક્ષપદ સંભાળવા બદલ તેમને અભિનંદન આપ્યા. પ્રધાનમંત્રીએ આગામી શિખર સંમેલનની સફળતા માટે શુભેચ્છાઓ પણ પાઠવી અને આસિયાન-ભારત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. 47મી આસિયાન શિખર સંમેલન આ મહિનાની 26મી થી 28મી તારીખ સુધી મલેશિયાની રાજધાની કુઆલાલંપુરમાં અન્ય સમિટ સાથે યોજાશે.

## AMIT SHAH SANAND

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગુજરાતનાં અમદાવાદના સાણંદમાં 805 કરોડ રૂપિયાના ખર્ચે શાંતિપુરા –ખોરજ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – G.I.D.C. માર્ગના છ માર્ગીયકરણનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. કુલ 28 પૂર્ણાંક આઠ કિલોમીટર લંબાઈના માર્ગનું છ-માર્ગીયકરણ બંને તરફ સર્વિસ રોડ , 13 પૂલને પહોળા કરવા સહિત એક છ-માર્ગીય ઊંચા પૂલનું પણ નિર્માણ કરાશે.

ઉલ્લેખનીય છે કે , સાણંદ અને તેની આસપાસના વિસ્તારોમાં ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ – GSRDC હસ્તકના આ માર્ગ પર ટ્રાફિકનું ભારણ વધી ગયું છે. હાલમાં દરરોજ સરેરાશ 43 હજારથી વધુ વાહનોની અવરજવરને કારણે ટ્રાફિકજામની સમસ્યા નિવારવા ચાર માર્ગીય રસ્તાને છ માર્ગીય બનાવવાની જરૂરિયાત હતી.

## BIHAR ELECTION-TEJASHWI

બિહારમાં, મહાગઠબંધને રાષ્ટ્રીય જનતા દળ- **RJD** ના નેતા તેજસ્વી પ્રસાદ યાદવને 2025ની વિધાનસભા ચૂંટણી માટે મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. કોંગ્રેસના ચૂંટણી નિરીક્ષક અને રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે આજે પટનામાં આયોજિત સંયુક્ત પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી. આ કાર્યક્રમમાં મહાગઠબંધનના તમામ સાત ઘટક પક્ષોના વડાઓ અને વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. શ્રી ગેહલોતે એવી પણ જાહેરાત કરી કે જો મહાગઠબંધન સરકાર બનાવે છે , તો વિકાસશીલ ઇન્સાન પાર્ટીના વડા મુકેશ સહાનીને નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરાશે.

**(BYTE : ASHOK-GAHLOT)**

## BIHAR ELECTIONS

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો આજે છેલ્લો દિવસ છે. બીજા તબક્કામાં 11 નવેમ્બરે 20 જિલ્લાના 122 મતવિસ્તારોમાં મતદાન થશે. દરમિયાન વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા માટે ચૂંટણી પ્રચારે જોર પકડ્યું છે. જેડી(યુ) અધ્યક્ષ અને મુખ્યમંત્રી નીતિશ કુમાર અને ભાજપના વરિષ્ઠ નેતાઓ એનડીએ ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કરી રહ્યા છે. સાંભળીએ એક અહેવાલ..

**(વોઇસ કાસ્ટ : DHARMENDRA)**

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# BHAI DOOJ

સમગ્ર દેશમાં આજે ભાઈબીજનો તહેવાર ઉજવાઈ રહ્યો છે. આ તહેવાર દિવાળી પછી આવે છે. દેશના વિવિધ ભાગોમાં તેને ભાઈફોટા , ભાઈબીજ, ભાઈટીકા અથવા યમ દ્વિતીયા ઓળખવામાં આવે છે. તે ભાઈ અને બહેન વચ્ચે વહેંચાયેલા શાશ્વત સ્નેહ, રક્ષણ અને આશીર્વાદનું પ્રતીક છે. આ શુભ દિવસે , બહેનો તેમના ભાઈઓના કપાળ પર તિલક લગાવે છે અને તેમની સલામતી અને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે. બદલામાં , ભાઈઓ તેમની બહેનોનું રક્ષણ અને સંભાળ રાખવાનું વચન આપે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાઈ બીજ નિમિત્તે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશનમાં તેમણે કહ્યું , ભાઈ બીજનો તહેવાર ભાઈઓ અને બહેનો વચ્ચેના પરસ્પર પ્રેમ અને વિશ્વાસનું પ્રતીક છે અને દરેકના જીવનમાં ખુશી, સમૃદ્ધિ અને સૌભાગ્ય લાવે છે.

# GST REFORMS- TRIPURA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ અને 22મી સપ્ટેમ્બરથી શરૂ કરાયેલો GST બચત ઉત્સવ, સમાજના તમામ વર્ગના લોકોને લાભ આપી રહ્યો છે. આજે, ત્રિપુરાના અર્થતંત્રને વેગ આપનારા GST સુધારાઓ પર અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ..

(V/C: DRISHTI)

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 127-મી કડી હશે.આ માટે લોકો પોતાના મંતવ્યો ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અને માય GOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન મોકલી શકે છે.આ મહિનાની 24 તારીખ સુધી આ મંતવ્ય મોકલી શકાશે.

## FUR. REV. ODI-INDIA-AUS

પુરુષોની ક્રિકેટમાં, એડિલેડ ખાતે રમાઇ રહેલી ત્રણ મેચની શ્રેણીની બીજી એક દિવસીય મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને જીતવા 265 રનનો લક્ષ્યાંક આપ્યો છે. ભારતે 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવી 264 રન કર્યા હતા. શ્રેયસ ઐયરે તેની 23મી અને રોહિત શર્માએ તેની 59મી અડધી સદી ફટકારી હતી. ઓસ્ટ્રેલિયાના બોલર એડમ ઝાંપાએ 4 વિકેટ ઝડપી હતી.

આ પહેલા, મિશેલ માર્શે ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. શુભમન ગિલની આગેવાની હેઠળની ભારતીય ટીમ માટે આ મેચ જીતવી જરૂરી છે.